વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

નિરંજનાબેન ઘનશ્યામભાઇ ભટ્ટ
(૧૯૩૭) ફોન. ૨૩૨ ૨૬૦૧૦

સુરેન્દ્રરસીંઘ તેજસીંઘ ટક્કર
(૧૯૪૭) મો.૯૭૨૩૬૭૧૭૭



કે.ઓ.વ્યાસ
(૧૯૩૮) ફોન. ૨૩૨ ૩૦૩૫૯

હર્ષદ બ્રહ્મભટ્ટ
મો. : ૯૮૨૫૦૦૮૪૮૪

આજે દહેજના દુષણ સામે મૃતકના ભાઈ બહેનો ધરણાં ધરશે

ગુજરાત રાજયમાં દહેજ બાબતે રોજ બરોજ ઘણી સ્ત્રીઓ કમોતનો ભોગ બનતી રહી છે. સાસરી પક્ષથી થતી વારંવારની લાખો રૂપિયા કે ભૌતિક વસ્તુઓની માગણીને લીધે કંટાળીને કેટલીક સ્ત્રીઓ આત્મહત્યા કરે છે તો કેટલીક સ્ત્રીઓને કમોતે મારી નાંખવામાં આવે છે. અત્યાચાર અને આત્મહત્યાના બનાવો બાબતે સમાજનું ધ્યાન દોરવા અને જાગૃતિ લાવવા આજે તા. ૫મી જુલાઈ ૨૦૧૨ ને સવારે ૧૧ કલાકે ગાંધીનગર મુકામે ધ-૩ સર્કલ પાસે, અંદાજે ૨૫ જેટલા ભાઈ-બહેનો ધરણાં ઉપર બેસશે.

થોડા સમય પહેલા જ અમદાવાદ, ગાંધીનગર અને સમગ્ર ગુજરાતમાં ઘણા દહેજની માંગણીના પ્રશ્નો ઉભા થયા છે. કેટલીય સ્ત્રીઓ મૃત્યુનો ભોગ બની છે ત્યારે ગાંધીનગર ખાતે આજે દહેજનો ભોગ બનેલી સ્ત્રીઓના ભાઈઓ-બહેનો ગાંધીનગર ખાતે ધરણા પર બેસશે તથા મે. કલેકટરને તેમજ ડી.એસ.પી.ને આવેદન પત્ર આપશે.

ગુજરાતના વિકાસને જાપાનની કંપનીઓ વિકાસશીલ બનાવશે

જાપાનમાં પ્રવાસી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કંપનીઓના વરિષ્ઠ પદાધિકારીઓ સાથે વન ટુ વન વિસ્તૃત બેઠક કરી

ગાંધીનગર, તા.૨૪

મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ આજે જાપાન પ્રવાસના મંગળવારના દિવસે જાપાનની ગણમાન્ય અને વિશ્વવિખ્યાત કંપનીઓ અને નાણાં સંસ્થાઓ સાથે અત્યંત ફળદાયી એવી શ્રેણીબદ્ધ વન-ટુ-વન બેઠકો યોજી હતી. મુખ્યમંત્રીના વિકાસ વ્યૂહની દૂરદર્શિતાથી જાપાનના વરિષ્ઠ કંપની સંચાલકો ખૂબ જ પ્રભાવિત થયા હતા અને ગુજરાતના ૨૧મી સદીના ભાવિ વિકાસનું વિઝન જાણીને ગુજરાત અને જાપાન વચ્ચે ઔદ્યોગિક અને આર્થિક વિકાસના નવા ક્ષેત્રો તથા વિવિધ પ્રોજેક્ટ હાથ ધરવામાં ખૂબ જ ઊંડો રસ દાખવ્યો હતો. જાપાનના ૪૦૦ જેટલા કંપની પદાધિકારીઓ સમક્ષ જેટ્રોના સોમવારે યોજાયેલા સેમિનાર પછી, આજે નરેન્દ્ર મોદીએ ગણમાન્ય અને વિશ્વ પ્રસિદ્ધ કંપનીઓના પદાધિકારીઓ સાથે વ્યક્તિગત જૂથ બેઠકોનો ઉપક્રમ કર્યો હતો. જેમાં સુમિટોમો કોર્પોરેશન, બેન્ક ઓફ ટોકીયો, મિત્સુબીસી કોર્પોરેશન, હીટાચી કંપની, ઇટોયુ કોર્પોરેશન, મિઝુહો ફાઇનાન્સ, કેઇડાનન્રનના પ્રેસીડેન્ટ અને પદાધિકારીઓ નરેન્દ્ર મોદીને વન ટુ વન મળ્યા હતા. મુખ્યમંત્રીએ ગુજરાત ભારતના અર્થતંત્રનું ચાલકબળ અને ઔદ્યોગિક ક્ષેત્રે નંબર વન રાજ્ય બની ગયું છે. તેનાથી આગળ વધીને ગુજરાત હવે ઇન્ડસ્ટ્રીઅલ સ્ટેટ વીથ ગ્રીન સ્ટેટની નવી ઓળખ ઉભી કરવા આગળ વધી રહ્યું છે. અને પર્યાવરણ સાથે વિકાસની પથદર્શક પહેલ કરી છે તેની ભૂમિકા, રિન્યુએબલ એનર્જી અને સોલાર પાવર કેનાલ સોલાર પાવર પ્રોજેક્ટ, કલ્પસર, ધોલેરા એસઆઇઆર, ડીએમઆઇસીના નિર્માણની સાથોસાથ સ્માર્ટ સિટી ઇકોસિટી જેવા ૨૧મી સદીના એન્વાયર્નમેન્ટ ઓરિએન્ટેડ ડેવલપમેન્ટની દિશામાં આગળ કઈ રીતે વધી રહ્યું છે તેની ભાવિ રૂપરેખા દોરી આપી હતી.

રાજ્યમાં કોંગી સત્તામાં આવશે તો ફ્યુઅલ ઉપર વેટ ઘટાડશે

પેટ્રોલ, ડીઝલ, સીએનજી પર વેટ ઘટાડવા ખાતરી આપી ભાજપ પ્રજા પાસે કરોડો ઉઘરાવે છે : અર્જુન મોઢવાડિયા

અમદાવાદ, તા.૨૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને હવે પાંચ મહિના જેટલો જ સમય બાકી રહ્યો છે ત્યારે કોંગ્રેસે ચૂંટણી જંગનો રણટંકાર કરીને ગુજરાત પ્રજા વિકાસ દર્શન-૨૦૧૨ અંતર્ગત પ્રજાલક્ષી ૧૨ મુદ્દાઓની જાહેરાત કરી છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ આજે ૧૨ મુદ્દાઓ પૈકી એક મુદ્દાની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં આગામી વિધાનસભાની ચૂંટણીમાં જો કોંગ્રેસ સત્તા પર આવશે તો પેટ્રોલ, ડીઝલ, સીએનજી ગૅસ પરનો વેટ ઘટાડીને પાડોશી રાજ્યો કરતાં પણ સસ્તાં દરે અપાશે તેમજ રાસાયણિક ખાતર પરનો વેટ સંપૂર્ણપણે દૂર કરવાનું અભય વચન આપ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદીની સરકારે મોટા ઉદ્યોગપતિઓને રૂ.૧ પ્રતિ મીટરના ભાવે જમીનોની લ્હાણી કરી, એસ્સાર ઓઈલને વેટ માફ કરી રૂા. ૯૧૦૦ કરોડની જંગી રાહતો આપી છે તેની સામે આખા ગુજરાતમાં સૌથી ઉંચો પેટ્રોલ, ડીઝલ અને સીએનજી ગૅસ પર ટેક્સ નાંખીને વાર્ષિક રૂા. ૧૧૮૨૩ કરોડ ઉઘરાવ્યા છે. કોંગ્રેસ સત્તા પર આવશે તો મોટા ઉદ્યોગગૃહો પર પૂરતો વેરો વસુલાશે અને પેટ્રોલ, ડીઝલ, સીએનજી ગૅસના ભાવો ઘટાડીને દ્વિચક્રી વાહનચાલકો, ટેક્સી ચાલકો, ટ્રક અને ટ્રેક્ટર ચલાવતા મહેનતકશ લોકો, રિક્ષાચાલકોને મોટી રાહત અપાશે. પ્રદેશ કોંગ્રેસ ચૂંટણી કેમ્પેઇન કમિટીના ચેરમેન શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, આ ચૂંટણી ઢંઢેરો નથી એની તો વિધિવત જાહેરાત કરાશે જ પણ અમે (કોંગ્રેસ) પ્રજાને અપીલ કરીને કહેવા માંગીએ છીએ કે સત્તા પર આવીશું તો પેટ્રોલ, ડીઝલ, સીએનજી ગૅસ સસ્તો કરીશું. ગુજરાત સરકાર પ્રજાના હિતમાં ઘણું બધું કરી શકી હોત તે નથી કર્યું. ફુલમાં ભમરો રસ ચૂસે અને બીજાને લાભ થાય એમ પેટ્રોલ, ડીઝલ, સીએનજી પર વેટ લઈને માનીતા ઉદ્યોગપતિને જ લાભ અપાયો છે. સામાન્સ માણસનુંશોષણ કરીને ઉદ્યોગપતિઓનું પોષણ ન કરાય.

ગુજરાત વિધાનસભા વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે કહ્યું હતું કે, કોંગ્રેસ નકારાત્મક વાતો સાથે ચૂંટણી નહીં લડે, ગુજરાતના સર્વાંગી વિકાસ માટેનું વિઝન હશે. મુઠ્ઠીભર લોકો માટે નહીં પણ સમગ્ર પ્રજાના હિત માટેની વાત હશે. ગુજરાતમાં હાલ પેટ્રોલ પર પ્રતિ લીટર રૂા. ૧૫, ડીઝલમાં રૂા. ૯.૩૧ અને સીએનજીમાં રૂા. ૬નો વેટ ઉઘરાવાય છે. કોંગ્રેસ સત્તા પર આવશે તો પાડોશી રાજ્યો કરતાં પણ ઓછો વેટ ઘટાડી દઈશું. કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે, રાસાયણિક ખાતરનું મોટાભાગનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે છતાં નરેન્દ્ર મોદી સરકારના વેટને કારણે મોંઘુ ખાતર ખેડૂતોને મળે છે. કોંગ્રેસ સત્તા પર આવશે તો ખાતર પરનો વેટ દૂર કરીશું.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા વિદ્યાર્થીઓને અંતરિયાળ વિસ્તારમાં શાળાએ આવવા-જવામાં ઉપયોગી થાય તે માટે ગાંધીનગર શહેર વસાહત મહામંડળે પગરખા વિતરણ કર્યું હતું. રાધનપુર અને કપડવંજ તાલુકાની શાળાઓમાં વિદ્યાર્થીઓને મહામંડળ દ્વારા 'ચરણસેવા'ના ભાગરૂપે ચંપલનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાંતલપુર, રાધનપુર તાલુકાના સરદાર પટેલ ગ્રામ વિકાસ ટ્રસ્ટ સંચાલિત માધ્યમિક શાળા ગાંજીસરના ધોરણ ૮ થી ૧૨ના ૨૨૯ વિદ્યાર્થીઓને ગામના સરપંચ મેવાજી ઠાકોર, ભાવિકાબેન ભોકલવા, પ્રકાશકુમાર રાવલ સહિત આગેવાનોના હસ્તે પગરખા વિતરણ કરવામાં આવ્યું હતું. ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના વડોલ ગામની શાળાના ઉઘાડા પગે જતા બાળકોને ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા પગરખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. પી.એસ.આઈ. જે.એસ. પરમાર દ્વારા ચરણ સેવાનું બીડું ઝડપવામાં આવ્યું હતું. તેઓને ૨૦૦ ઉપરાંતના વિદ્યાર્થીઓને સરપંચ દિપસિંહ વાઘેલાની હાજરીમાં પગરખા વહેંચ્યા હતા. મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, મયૂરભાઈ વ્યાસ, શશીકાંત મોઢા, સુધીર દેસાઈ, કિશોર જીકાદરા, ઉદય ત્રિવેદી, નિલેન્દિ વોરા સહિત સૌએ માનવસેવાના આ કામમાં સુંદર કામગીરી બજાવી હતી.

નડિયાદની DDIT યુનિ.નો ગ્રાન્ટીનેડમાં પ્રવેશનો ઈન્કાર

અમદાવાદ, તા.૨૪

એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ દ્વારા માસ્ટર ઓફ એન્જિનિયરીંગ (એમઈ)માં ગ્રાન્ટીનેડમાં પ્રવેશ ફાળવેલા વિદ્યાર્થીઓને નડિયાદની ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી (ડીડીઆઈટી) યુનિવર્સિટી પ્રવેશ આપવા ઇન્કાર કરી રહી છે. યુનિવર્સિટી સત્તાવાળાઓએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે યુનિવર્સિટીએ સરકારમાં સેલ્ફ ફાયનાન્સ માટે દરખાસ્ત કરી હોવાથી એમઈ ગ્રાન્ટીનેડમાં પ્રવેશ મળી શકશે નહીં.

એડમિશન કમિટી દ્વારા એમફાર્મ બાદ હવે એમઈની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. એમફાર્મમાં વિદ્યાર્થીઓનો ઓછો રસ જોવા મળ્યો હતો જ્યારે એમઈમાં વધુ રસ છે. પ્રવેશ કમિટીએ એમઈમાં પ્રવેશ ફાળવણી કરી રહી છે. જેમાં નડીયાદની ડીડીઆઈટી યુનિવર્સિટીમાં પણ ગ્રાન્ટીનેડની ૧૪૪ પૈકી હાલ ૩૬ પ્રવેશ ફાળવ્યા છે.

પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ જ્યારે ડીડીઆઈટી યુનિવર્સિટીમાં રજિસ્ટ્રેશન માટે ગયા ત્યારે યુનિવર્સિટીએ પ્રવેશ આપવા સાફ ઇન્કાર કરી દીધો હતો. યુનિવર્સિટી સત્તાવાળાઓએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે, યુનિવર્સિટી દ્વારા એમઇના અભ્યાસક્રમને સેલ્ફ ફાયનાન્સ ધોરણે ચલાવવા સરકારમાં દરખાસ્ત કરી છે. અને હાલ વિચારણા હેઠળ છે. માટે એમઈ ૧૪૪ બેઠકો સેલ્ફ ફાયનાન્સ ધોરણે ભરવાની છે. જોતે પ્રમાણે પ્રવેશ જોઈતો હોય તો તમામને પ્રવેશ મળશે. બીજી બાજુ રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ પ્રવેશ કમિટીમાં ફરિયાદ કરી છે. પ્રવેશ કમિટીના સૂત્રો કહે છે કે આવી ફરિયાદ મળી છે. ડીડીઆઈટી યુનિવર્સિટી ગ્રાન્ટીનેડમાં એમઈમાં પ્રવેશ નહીં આપે તો અમે કમિટી તેના અન્ય મેનેજમેન્ટ કવોટા ઉપર કાતર મારશે. અત્રે ઉલ્લેખનીય છે કે ડીડીઆઈટીના સત્તાવાળાઓને ઉચ્ચ અધિકારીઓ સાથે ઘરોબો હોઈ કમિટી તેમની સામે પગલાં ભરવા ડરી રહી છે.

વૃક્ષસાથી યોજના.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ નવતર અભિગમની યોજના અંતર્ગત વૃક્ષધારકને એક થી બે તબક્કામાં ખાતર આપવામાં આવનાર છે.

ગુડા દ્વારા તૈયાર કરાયેલ આ યોજનાને તેની બોર્ડ બેઠકમાં મંજૂરી મળી ગઈ હોવાનું જણાવતાં સૂત્રોએ જણાવ્યું છે કે આ માટેના અરજી પત્રક પણ તૈયાર કરી દેવામાં આવ્યા છે. આ માટે ગુડા વિસ્તારની જે ટી.પી. સ્કીમો છે તેના રહીશોને પ્રથમ તબક્કામાં આવરી લેવામાં આવનાર છે. આ વિસ્તાર હરિયાળો જ નહિ પણ નયનરમ્ય બને તે માટેની સંપૂર્ણ કાળજી આ યોજના અંતર્ગત લેવામાં આવશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગુડાના સત્તાધિકારીઓ અને વનવિભાગના અધિકારીઓ સાથે આ માટે એક સંયુકત બેઠક પણ આ યોજનાને આખરી કરતાં પૂર્વે યોજાઈ હતી. ગુડાએ આ યોજના માટે ૧૫ થી ૨૦ પ્રકારના વૃક્ષોની પસંદગી પણ કરી લીધી છે અને ગાંધીનગર શહેરના સ્થાપના દિનની ઉજવણીના ભાગ રૂપે આ વૃક્ષોનું વિતરણ અરજીપત્રક ભરનાર રહીશને એક સમારોહમાં કરવામાં આવનાર છે.

વૃક્ષની વાવણી થાય છે પણ તેના ઉછેર માટે જે કાળજી લેવાવી જોઈએ તે નહિ લેવાતી હોવાથી વૃક્ષ તેની કુમળી અવસ્થા દરમિયાન જ નાશ પામે છે. વૃક્ષ ઉછેરના ઉમદા અભિગમને ઉજાગર કરવા અને તેને પ્રોત્સાહિત કરવા માટે ગુડાએ આ બીડું ઝડપ્યું છે. આ નવતર અભિગમની યોજનાનું નામાભિધાન પણ સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીને ધ્યાને રાખી કરવામાં આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. ગુડા આ યોજનાના અમલીકરણ થકી સામાજિક જવાબદારી અદા કરવાના અભિયાનમાં પણ પોતાને જોતરી અને એક નવો ચીલો પ્રસ્થાપિત કરશે.

દૂધ સાગર ડેરી ૩૫૦ કરોડનું મૂડીરોકાણ કરવા માટે સજ્જ

મહેસાણા, તા.૨૪

મહેસાણાની દૂધ સાગર ડેરીએ આ વર્ષના અંત પહેલાં હરિયાણામાં ધારુહેરા ઔદ્યોગિક વિસ્તારમાં નવા સેટેલાઇટ ડેરી પ્લાન્ટની શરૂઆત કરવાની તૈયારી કરી લીધી છે. આની સાથે જ ઉત્તર ગુજરાત સ્થિત ડેરી દેશના રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં સૌથી મોટા દૂધ સપ્લાય તરીકે ઊભરી આવવાની તૈયારીમાં છે. દૂધેશ્વર ડેરી હરિયાણા શહેરી વિકાસ સત્તા દ્વારા વિકસીત ધારુહેરા એસ્ટેટમાં ૩૫૦ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે. અહીં સ્થાપિત કરવામાં આવનાર પ્લાન્ટમાં દરરોજ ૩૦ લાખ લીટર ક્ષમતા વિકસીત કરવામાં આવશે. કો ઓપરેટીંગ યુનિયનના સેટેલાઈટ પ્લાન્ટને લઈને પહેલાંથી જ તૈયારી હાથ ધરવામાં આવી ચૂકી છે. હાલમાં ત્રણ મોટા ડેરી યુનિયન છે. જેમાં બનાસકાંઠાની બનાસ ડેરી, સાબરકાંઠાની સાબર ડેરી અને મહેસાણાની દૂધ સાગર ડેરીનો સમાવેશ થાય છે. આ ડેરી યુનિયનો રાષ્ટ્રીય પાટનગરને ૨૧.૬૨ લાખ કિલોગ્રામનો દુધનો પુરવઠો ઉપલબ્ધ કરાવે છે જે અમૂલ બ્રાન્ડના નામ ઉપર વહેચાય છે. આ પૈકી મહેસાણાની ડેરી દિલ્હી મારકેટમાં ૧૧.૫૯ લાખ કિલોગ્રામનો દૂધનો પુરવઠો ઉપલબ્ધ કરાવે છે. તેના માનેસર પ્લાન્ટમાંથી આ પુરવઠો પહોંચે છે. રાજસ્થાન, હરિયાણા અને ઉત્તર પ્રદેશના ઘણા ભાગોમાં મંડળીઓની સ્થાપના કરવામાં આવ્યા બાદ મહેસાણાની બહારથી પ્રાપ્તિ માટેની યોજના તૈયાર થઈ રહી છે.

નવી પાર્ટીની જાહેરાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

મારા સમયે પણ અરજીઓ થઈ હતી પણ તથ્ય ન હતું. આજે પણ લોકાયુક્ત નથી. ગવર્નરે કહ્યું પણ તેમના નિર્ણયની સામે હાઈકોર્ટમાં ગયા. હાઈકોર્ટે ચૂકાદો આપ્યો પણ તેઓ સુપ્રિમમાં ગયા છે. તમે શું છૂપાવો છો. ઉડાઉગીરી કરી છે. પ્રજાનો પૈસો ક્યાં જાય છે. આજે ૧૦ લાખ બેકાર છે.

કેશુભાઈએ કહ્યું હતું કે આજે જુજરાતમાં આપઘાતની પરંપરા ચાલી છે. અસહ્ય સ્થિતિ છે. આ ગુજરાત આપણું છે. આપણી છાતીમાં આગ જલવી જોઈએ. નહીં જલે તો પરિવર્તન નથી આવવાનું... તેમણે તો ધનદાનના નામે ૫૦૦ કરોડ ભેગા કર્યા છે. ચૂંટણી પંચે કહ્યું છે કે એક વિધાનસભામાં ૧૬ લાખ કરતાં વધારે રૂપિયા વાપરી શકાય નહીં. પણ વહેવાર કરવાનું તેમના કાર્યકરો કહી રહ્યાં છે. મતની ખરીદી ચાલુ કરો એવું તેણે કહ્યું હતું.

આ ઢૂંઢીયો રાક્ષસ છે. તેનાથી પ્રજા પરેશાન છે. મતમાં રાક્ષસનું ડોકું છે. મરડી નાંખો. હજી તો રાક્ષસી માયા ઉભી કરશે. એક જ ઉપાય છે. પરિવર્તનની પુરી તૈયારી કરીએ. આગ જલની ચાહીયે...આ સિવાય શક્ય નથી. એકલો કેશુભાઈ નિકળે એટલે બધું થઈ ના જાય..સમગ્ર જનતાના દિલમાં આગ જલવી જોઈએ. પરિવર્તન સત્તાનું જ નહીં, સુખ અને શાંતિ માટે કરવાનું છે. કારણ કે આજે સલામતી નથી. ચારેબાજુ ભ્રષ્ટાચાર છે. આ જાળને તોડવાની છે. પરિસ્થિતિ બદલવી છે. જુવાન માણસોને નોકરી આપવી છે. આદીવાસીને પોષણ આપવું છે. બેકારી ભથ્થું આપવું છે.

મોદી જાપાન ગયા છે. પાછા આવીને કહેશે કે હું ગુજરાતને જાપાન બનાવીશ અને સુરતને ટોકિયો બનાવીશ. કેટલા શહેરો બનશે...મૂર્ખાઓની જેમ હવે જુઠ્ઠાઓનું સંમેલન કરવું પડશે. મોટી મહા જુઠ્ઠા નંબર વન છે. પ્રજાને ભરમાવે છે. હરકિસન મહેતાની ચોપડી છે...પીળા રૂમાલની ગાંઠ.. ફરીથી આપણા ગળામાં પહેરાવવા આવી છે. એકના ડબલ કરવાનું ચાલ્યું છે. પરિશ્રમનો પૈસો ક્યાં જાય છે. સેન્ટ્રલમાં લોકપાલ અને રાજયમાં લોકાયુક્ત હોવા જોઈએ. મેં તો લોકપ્રહરી મૂક્યાં હતા.

કેશુભાઈએ કહ્યું કે ગુજરાતમાં ભ્રષ્ટાચારની સામે લડવા માટેની સંસ્થાઓ મોદીએ બંધ કરી દીધી છે. એટલે હવે પરિવર્તન જોઈએ છીએ. સત્તા ભોગવવા નહીં, પ્રજાને આપવા જોઈએ છે. રાજા હવે અહંકારમાં રાચે છે તેથી તેને પાઠ ભણાવવો પડશે.

મારો જન્મદિન જોગાનુંજોગ છે અમને પરિવર્તન આપો. સુરતમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી કાશીરામ રાણા, પૂર્વ મંત્રી જસપાલસિંહ અને ભાજપના ધારાસભ્ય કનુભાઈ કલસરિયા પણ ઉપસ્થિત રહ્યાં હતા.

સમાચાર ઝલક

- પી.ટી.સી. કોર્ષ સાડા ચાર વર્ષનો રહેશે.
- બી.એડ્‌ની પરીક્ષા જે તે જિલ્લા મથકો પર જ લેવાશે.
- શ્રી પ્રણવ મુખરજી ૨૫,૦૦૦ કરોડના ચોખા કૌભાંડનાં આરોપી છે : ટીમ અણ્ણાનો આરોપ.
- સલમાન ખાને પાંચ મહિલનાથી શરાબ, સિગારેટને છોડ્યા છે.
- ફિલ્મી કલાકારોને અજમેરની દરગાહમાં નહીં આવવા દેવા અંગે સૌ કોઇ મૌન કેમ : દરગાહ પ્રમુખ.
- ડિમ્પલ કાપડીયાએ દાખવેલી દૃષ્ટાંતરૂપ માનવતા, અંતિમ દિવસોમાં રાજેશ ખન્નાની સંભાળ રાખી.
- ન્યૂયોર્કમાં ભિખારીની અધધ કમાણી ! વર્ષે ૬૦,૦૦૦ ડોલર કમાય છે.
- 'તાલિબાન' પંચાયતની બર્બરતા, મહિલાને ખુલ્લેઆમ નિર્વસ્ત્ર કરી, ઉદયપુરના સરાડા વિસ્તારનો બનાવ.
- હવે 'રમે ગુજરાત' ૧૮,૦૦૦ ગામોમાં ક્રિકેટ, વોલીબોલ, ચેસ, કેરમનાં સાધનો અપાશે.
- મારૂતિ પ્લાન્ટની હિંસામાં નકસલવાદીઓનો હાથ? ગુપ્તચર અહેવાલથી સરકાર ચિંતિત.
- જાપાન અને ગુજરાત વચ્ચે વિકાસનાં પ્રોજેક્ટમાં નવા દ્વાર ખુલશે.
- ઇરાક હુમલામાં ૯૩નાં મોત થયાં છે.

નાબાર્ડ દ્વારા પાક પ્રોત્સાહન માટે વાડી પ્રોજેકટ શરૂ કરાયો

ગાંધીનગર, તા.૨૪

નાબાર્ડ દ્વારા ગાંધીનગર જિલ્લાના ખેડૂતોને શ્રેષ્ઠ વળતર મળે અને નવા પાક લેવા પ્રોત્સાહન મળે તે માટે વાડી પ્રોજેકટ શરૂ કરાયો છે. જેને ખુબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

ગુજરાતમાં કુલ ૪૨ લાખ ખેડૂતો પૈકી નાબાર્ડ દ્વારા ત્રણ વર્ષમાં ૧૮ લાખથી પણ વધારે ખેડૂતોને બેંકિંગ સેવા મળે તે દિશામાં સતર્ક પ્રયાસો હાથ ધરવામાં આવ્યો છે. નાબાર્ડ દ્વારા આ વર્ષે રૂરલ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવોલપમેન્ટ ફંડ હેઠળ રૂ. ૧૦૧૦ કરોડ રિલીઝ કરવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે.

લીડ ડિસ્ટ્રીકટ મેનેજરની રાહબર હેઠળ ગાંધીનગરમાં રીટાયર્ડ બેંકોનાં મેનેજરોને આ તાલીમમાં જોડવામાં આવ્યાં છે. તાલુકા, જિલ્લા અને રાજય સ્તરે આવી તાલીમોથી પ્રશિક્ષણ આપીને ગામડાઓને ક્રેડિટ લીંકેજથી જોડવામાં આવશે.

ગુજરાતમાં નાબાર્ડ દ્વારા સ્વ-સહાય જૂથો/સખી મંડળોને વ્યાપક ધિરાણ તેમજ ક્રેડિટ લીંકેજથી જોડવામાં આવ્યા છે. 'વિલેજ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ' હેઠળ સ્વસહાય જૂથો/સખીમંડળોને વ્યાપક ધિરાણ પુરું પાડવામાં આવી રહ્યું છે. સરકારની આ યોજનાને તેનાં મૂળભૂત હેતુને સિદ્ધ કરવા સંચાલિત કરવામા આવે તેમજ ચોકકસ મોનીટરીંગ કરવામાં આવે તો આગામી વર્ષોમાં તેના ઉત્તમ ફળ મળી શકશે. ગરીબી, બેકારી તેમજ કૃષિ ઉત્પાદન વધારી શકાય.

નાબાર્ડનાં ગુજરાત ક્ષેત્રના જનરલ મેનેજર એચ.આર. દવેએ જણાવ્યું છે કે ખેડૂતોને આવનારા સમયમાં આ પ્રોજેકટથી વ્યાપક લાભ પ્રાપ્ત થશે. નાબાર્ડની યોજના ફાર્મસ કલબ પ્રોગ્રામ, સ્વ-સહાય જૂથ/સખી મંડળ યોજના, ગ્રામ્ય ગોડાઉન, કોલ્ડ સ્ટોરેજ યોજના ડેરિ ડેવલોપમેન્ટ યોજનાનો ગાંધીનગર જિલ્લાનાં ખેડૂતો દ્વારા વ્યાપક લાભ લેવાઈ રહેલ છે. ગાંધીનગર જિલ્લામાં 'ફાર્મસ કલબ પ્રોગ્રામ' દ્વારા જે ઉત્તમ કામગીરી થઈ રહી છે તે માટે નાબાર્ડ એકમના ગાંધીનગર ડી.ડી.ઓ. સુનિલ જગ્ગીએ અભિનંદન પાઠવ્યા છે. ગાંધીનગર જિલ્લામાં નાબાર્ડની ૧૨૦ ફાર્મસ કલબો કાર્યરત થઈ છે.

શબ્દાવલી - ૪૭૯૮

૧	૨		૩	૪	■	૫	૬
૭		■	૮		૯		
૧૦		■		■		■	■
૧૧		■	■	૧૨			૧૩
	■	૧૪	■	૧૫			
■	૧૬		■		■	૧૭	
૧૮				■	૧૯	■	
	■		■	૨૦			

આડી ચાવી

૧. રંગીલા મિજાજનો (૫)
૫. નુકશાન (૨)
૭. ... ગરમી, એક પ્રકારની ગરમી (૨)
૮. શરમ, હયા (૫)
૧૦. ... લક્ષ્મણ જાનકી જય બોલો હનુમાન કી (૨)
૧૧. કોઇક નાગના માથે... હોય તેવ લોકવાયકા છે (૨)
૧૨. ઝાકળ, ઓસ (૪)
૧૫. વિચાર, વોટ (૨)
૧૬. ગૌરી, ગાવલડી (૨)
૧૭. પૃથ્વી, ધરણી (૨)
૧૮. પુરા ભરેલપા ઘડામાંથી પાણીનું... (૪)
૨૦. કંકુનો ચાંદલો કરવા રખાતી ખાસ વાટકી (૪)

ઊભી ચાવી

૧. છેતરાઇ જવું, ... થવી (૫)
૨. લજાઇ જાય તેવો એક છોડ (૪)
૩. બિલ્લી (૩)
૪. હોટલ, રેસ્ટોરન્ટ (૨)
૫. ... જીત, હારી જવું (૨)
૬. નિયમ (૨)
૯. લીંબુ - વરીયાળી વગેરેનું... સરસ લાગે (૪)
૧૨. સપનું (૩)
૧૩. સાડલાનો માથે ઓઢાતો ભાગ (૫)
૧૪. લાયક હોવું તે (૪)
૧૬. માણસના મોં ની બે બાજુમાંનો દરેક ભાગ (૨)
૧૮. કપટ, પ્રપંચ (૨)
૧૯. વહેમ (૨)

શબ્દાવલી ૪૭૯૭ના જવાબ

આડી ચાવી :- (૧) ઉપાચત (૬) દાલ (૭) પરોપકાર (૧૦) સીકર (૧૨) શરાદ (૧૩) વન (૧૫) કરમદા (૧૭) ગપ (૧૮) રન (૧૯) કશી (૨૦) જોક (૨[redacted]૩) રહમ

ઊભ[redacted] (૨) ચાલક (૩) તપ (૪) ટોપરા (૫) પાર (૮) રોશ[redacted]બર (૧૪) નકશીકામ (૧૫) કપ (૧૬) મરકટ (૧[redacted]કા (૨૧) ઉર